# ખોડિયાર માતાના મંદિરના પૂજારીની ક્રુર હત્યા કરી લૂંટ

## અજાણ્યા ઈસમોનું કારસ્તાન : કુલ ૩૫ હજાર રૂપિયાની કિંમતના દાગીના- શણગાર ઉપાડી ગયા : પોલીસ તપાસ

અમદાવાદ, તા.૦૮

શહેરના વટવા સ્થિત આવેલા પીપળજ ગામમાં લૂંટ વિથ મર્ડરની ઘટના પ્રકાશમાં આવી છે. પીપળજ ગામ સ્થિત ખોડિયાર માતાના મંદિરમાં પૂજારી તરીકે ફરજ બજાવતા સખારામને અજાણ્યા શખ્સોએ ઘાતકી હત્યા કરી, મંદિરમાંથી ભગવાનના ઘરેણાની લૂંટ ચલાવી હતી. અંદાજે ૩૫ હજારની કિંમતના દાગીના અને શણગારની સામગ્રી લૂંટારાઓ લઇ ફરાર થઈ ગયા હતા. હાલ આ બનાવની જાણ થતા વટવા પોલીસે લૂંટના ઈરાદે પૂજારીની હત્યાની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત અનુસાર શહેરના પીપળજ-પીરાણા રોડ પર આવેલી કાંકરિયા મીલની બાજુમાં વર્ષો જુનુ ખોડિયાર માતાજીનું મંદિર આવેલું છે.

આશરે ૨૫ વર્ષથી મંદિરની સેવા સખારામ સાળુકે નામના વ્યક્તિ કરે છે. બુધવાર સાંજ બાદ મંદિરના પૂજારી સખારામે મંદિરના મુખ્ય દ્વારને અંદરની તરફથી તાળુ માર્યું હતું. ત્યારબાદ ગુરુવાર સાંજ સુધી મંદિરનું તાળું ખુલ્યું નહોતું. ગુરુવારે સાંજે એક વ્યક્તિ કંકોત્રી મંદિરે મુકવા આવ્યા ત્યારે મંદિરને તાળુ હતું તેમજ મુખ્ય મંદિરનો દરવાજો ખુલ્લો હોવાથી તેમને કોઈ શંકા ગઈ હતી જેથી તેમણે આસપાસના લોકોને જાણ કરતા લોકોએ તાત્કાલિક વટવા પોલીસને આ બાબતની જાણ કરી. વટવા પોલીસના જવાનોએ ૧૨ ફૂટ ઊંચી દિવાલ કુદીને અંદર જતાં મંદિરના પાછળના ભાગે ૫૪ વર્ષીય સખારામની લાશ લોહીના ખાબોચિયામાં પડી હતી. પોલીસ, એફએસએલ અને ક્રાઈમબ્રાંચની ટીમે આ પ્રકરણની તપાસ હાથ ધરતા પુજારીના ગર્ભગૃહમાં આવેલી તિજોરીમાંથી લૂંટારાઓએ આશરે એક કિલો ચાંદીના દાગીના લઈ ગયા હોવાનું જાણળા મળ્યું છે. લૂંટારાઓએ પૂજારીના માથામાં અને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર અને બોથડ પદાર્થના ફટકા મારતા તેમનું મોત નિપજ્યું હતું.



મોટા વાહનો ઘણાં ઉપયોગી થાય છે પરંતુ જયારે એ જ વાહનો ખોટકાય ત્યારે ભારે સમસ્યાઓ ઉભી કરે છે. પથિકાશ્રમ પાસે કોઈ વાહનનાં પાછલા વ્હીલમાં પંચર પડતા સૌ કોઈ કુતુહૂલપૂર્વક આવતા-જતા નિહાળી રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# ચુડાસમાના પોસ્ટિંગ પ્રશ્નને ૧૬મી પછી ઉકેલાય તેવી વકી

## એન્કાઉન્ટર કેસ હાલ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે ટ્રાન્સફર થયેલ હોવાથી છેલ્લા ઘણા સમયથી ત્યાં ચાલી રહ્યો છે

અમદાવાદ, તા.૦૮

સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર કેસમાં મુખ્ય કાવતરાખોર તરીકે સંકળાયેલા અને ચાર વર્ષ બાદ જામીન પર મુક્ત થયેલા દબંગ આઈપીએસ ઓફિસર અભય ચુડાસમાને પોસ્ટિંગ આપવા બાબતે રાજ્ય સરકાર લોકસભા ચૂંટણીના પરિણામ બાદ નિર્ણય લેશે તેવી આધારભૂત સૂત્રો તરફથી માહિતી સાંપડી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સોહરાબ એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા અને હાલ જામીન પર મુક્ત થયેલા વીએ રાઠોડ, એનવી ચૌહાણ, સંતરામ શર્મા અને અજય પરમારને રાજ્ય સરકારે ફરજ પર પરત લીધા છે. સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર કેસમાં મુખ્ય કાવતરાખોર તરીકે સંકળાયેલા આઈપીએસ ઓફિસર અભય ચુડાસમાને ચાર વર્ષ બાદ મુંબઈ હાઈકોર્ટે જામીન પર મુક્ત કર્યા છે. સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસ હાલ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે ટ્રાન્સફર થયેલ હોવાથી છેલ્લા ઘણા સમયથી ત્યાં ચાલી રહ્યો છે. ચુડાસમાની ૨૯મી એપ્રિલ ૨૦૧૦ના રોજ ધરપકડ થઈ હતી અને હાલ તેમને ચાર વર્ષના લાંબા જેલવાસ બાદ જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.અભય ચુડાસમાને ફરજ પર પરત લેવા હિલચાલ ચાલી રહી છે. રાજ્ય સરકાર જામીન પર છુટેલ આઈપીએસ ચુડાસમાને પોસ્ટિંગ આપવા અંગેનો નિર્ણય ૧૬મી મે પછી લેશે તેવી આધારભૂત સૂત્રો તરફથી માહિતી મળી રહી છે. હાલ લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. ઉપરાંત આગામી ૧૨મી મેના રોજ ચૂંટણીના છેલ્લા અને ખાસ તબક્કામાં મતદાન થવાનું છે. ૧૫મી મેના રોજ લોકસભાના પરિણામ જાહેર થઈ જશે ત્યારબાદ અભય ચુડાસમાની પોસ્ટિંગ અંગેનો પણ પ્રશ્ન ઉકેલાઈ જાય તેવી સંભાવના છે.

# પછાત જાતિના પ્રત્યે નરેન્દ્ર મોદીની સદ્ભાવના નકલી

## અનામત વિરોધી આંદોલનમાં મોદીના રોલ વિશે ખુલાસો કરવા પડકાર : ભાજપની માનસિકતા પછાત વર્ગ વિરોધી

અમદાવાદ, તા. ૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર ભારતના પછાત વર્ગના મત મેળવવા માટે પોતે પછાત ઘાંચી સમાજના હોવાની બાબતને ગતકડાં તરીકે ગણાવતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૯૮૫માં બક્ષીપંચનો સમાવેશ જાતિઓ માટે ૨૭ ટકા અનામત આપવાનો કોંગ્રેસની માધવસિંહ સોલંકીની સરકારે નિર્ણય કર્યો ત્યારે નરેન્દ્ર મોદી અમદાવાદના ડો. હેડગોવર ભવનમાં બેસીને આ તોફાનોને હવા દેનું કામ અશોક ભટ્ટ સહિતના ભાજપના આગેવાનો મારફત કરાવતા હતા. જનતાદળના વડાપ્રધાન વીપી સિંહે માંડલ કમિશનની ભલામણનો સ્વીકાર કરીને માંડલ કમિશનમાં સમાવિષ્ટ જાતિઓ માટે અનામતની જાહેરાત કરી ત્યારે ભારતીય જનતા પાર્ટીએ વીપી સિંહને આપેલો ટેકો પરત ખેંચી લીધી હતો અને સરકારને તોડી પાડી હતી. ભાજપની માનસિકતા હંમેશા પછાત વર્ગ વિરોધી રહી છે. મોઢવાડિયાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી ગુજરાતમાં તેમના ૧૩ વર્ષના શાસનમાં ક્યારેય પોતાની જાતિ બાબતનો ઉલ્લેખ કર્યો નહીં એટલું જ નહીં જાતિ છુપાવતા રહ્યા, પરંતુ ઉત્તર ભારતમાં સહાનૂભૂતિ મેળવવા માટે ઓચિંતુ જ પોતે પછાત જાતિના છે તેવું જણાવ્યુંછે પરંતુ પછાત જાતિઓ પ્રત્યેની તેમની સદ્ભાવના એકદમ નકલી છે. ૧૯૮૫માં જ્યારે ગુજરાતમાં માધવસિંહ સોલંકીની સરકારે બક્ષીપંચમાં સમાવેશ પછાત જાતિઓ માટે ૨૭ટકા અનામતની જાહેરાત કરી ત્યારે ભાજપના મોટાભાગના આગેવાનોએ આ અનામત વિરોધી આંદોલનને ટેકો આપીને તોફાનો કરાવ્યા હતા. તોફાનો અટકાવવા અશોક ભટ્ટ સહિતના અનેક આગેવાનોની ધરપકડ કરીને જેલમાં પુરવામાં આવ્યા હતા. આ વખતે નરેન્દ્ર મોદી ડો. હેડગોવર ભવવનમાં બેસીને આ આંદોલનને હવા દેવાનું કામ કરતા હતા. આ બાબતે નરેન્દ્ર મોદીનો અનામત વિરોધી આંદોલનમાં શું ભૂમિકા હતી ? આ અનામત આંદોલનને કોમી તોફાનોમાં ફેરવવા માટે નરેન્દ્ર મોદીની શું ભૂમિકા હતી? ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્ર મોદી ખુલાસો કરે તે સમગ્ર દેશ જાણળા માંગે છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, ભાજપ અને મોદી હંમેશા આમ આદમીની વિરોધી અને મુડીવાદીઓની તરફેણમાં રહ્યા છે. ચૂંટમી સમયે જ તેમને ભગવાન રામ અને પછાત તેમજ ગરીબ વર્ગના લોકો યાદ આવે છે. ગુજરાતમાં આદિવાસી અને દલિત સમાજને બંધારણ મુજબ મળવાપાત્ર લાભો આપવામાં અનેક અડચણો ભાજપ સરકાર કરી રહી છે. આયોજન પંચના માર્ગદર્શક માપદંડ મુજબ પણ, આદિવાસી સમાજને વસ્તીધોરણે નાણાંકીય ફાળવણી ભાજપ શાસનમાં થતી નથી. દલિત સમાજના વિકાસ માટે સમાજ કલ્યાણ વિભાગના કરોડો રૂપિયા વાપરવામાં આવતા નથી.

## લૂંટની રોકડ રકમ સાથે ચોરની અટકાયત કરાઈ

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે લૂંટની એક લાખ રકમ સાથે રીઢા ચોર અજય છારાને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમ બ્રાંચના પોલીસ અધિકારીઓ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમીના આધારે અજય અશોકભાઈ તમાયચે (ઉ.વ.૩૨) પાસેથી કાળા કલરના થેલામાંથી એક લાખ રૂપિયા મળી આવ્યા હતા. આ પૈસા અંગે પુછતા અજયે સંતોષકારક જવાબ ન આપતા તેની અટકાયત કરી હતી જ્યાં પુછપરછમાં તેણે કબૂલાત આપી હતી કે તે અને તેનો સાગરિત રાજેશ દેવજી તમાયચે મળી મોટર સાઈકલ પર સવાર થઈને દાણીલીમડા વિસ્તારમાંથી ફરીદ અહેમદ શૈખ નામના શખ્સને સરનામુ પુછવાને બહાને તેમની એક્ટિવાની ડીકીમાં રહેલી એક લાખની લૂંટ ચલાવી હતી. પકડાયેલ આરોપી અજય અગાઉ ૨૦૦૩માં નવરંગપુરા પોલીસ મથકમાં ચોરીના ગુનામાં, મણિનગરમાં લૂંટ, વસ્ત્રાપુર અને કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પડકાઈ ચુક્યો છે.

# શાહને ક્લીનચીટના સંદર્ભે મુદત : ૧૨મીએ સુનાવણી

અમદાવાદ, તા.૯

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં તત્કાલીન પોલીસ કમિશ્નર કેઆર કૌશિક અને પૂર્વ રાજ્ય ગૃહમંત્રી અમિત શાહને આરોપી બનાવવા ખાસ સીબીઆઈ અદાલતમાં ગોપીનાથ પિલ્લઈ દ્વારા અરજીમાં સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલ સ્ટેટસ રિપોર્ટમાં બંને જણને ક્લીનચીટ આપવામાં આવી છે. સીબીઆઈના સ્ટેટસ રીપોર્ટ સામે હવે આગામી ૧૨મી મેના રોજ ફરિયાદી ગોપીનાથ પિલ્લઇ દ્વારા પુરાવા રજૂ કરવામાં આવશે. આજ રોજ કેસની સુનાવણીમાં મુદત પડતા સુનાવણી મોકૂફ રાખવામાં આવી હતી. ઉપરાંત ઉપરોક્ત બંને જણાને શા માટે આરોપી ગણાવા તે અંગે મુદ્દાસર પુરાવા ૧૨મી મેના રોજ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા પ્રણેશ પિલ્લઈના પિતા ગોપીનાથ પિલ્લઈ દ્વારા રજુ થશે. અમિત શાહને સીબીઆઈ તરફથી પ્રાથમિક ધોરણે થોડી રાહત મળી છે. ફરીયાદી તરફથી રજુ થયેલા પુરાવાઓના વિશ્લેષણ અને ખરાઈ બાદ જ કોર્ટ સમક્ષ થશે તો તેને આરોપી બનાવી શકાશે.

ઈશરત જહાં એન્કાઉન્ટરમાં ઠાર મરાયેલ પ્રણેશ પિલ્લઈના પિતા ગોપીનાથ પિલ્લઈ દ્વારા આઈપીસી કલમ-૩૧૯ની હેઠળ અમદાવાદ શહેરના પૂર્વ કમિશ્નર અને ગુજરાત રાજ્યના તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહને આરોપી બનાવવા અરજી દાખલ કરી હતી. જેમાં સીબીઆઈએ કોર્ટમાં સ્ટેટસ રીપોર્ટ દાખલ કરી બંને જણાને આરોપી બનાવી શકાય નહીં તેવું જણાવ્યું હતું. સીબીઆઈએ વિસ્તારથી કહ્યું હતુ કે આ.આર. કૌશિકને સીબીઆઈએ સાક્ષી દર્શાવ્યો છે તેમનું નામ એફઆઈ આરમાં પરંતુ અમારી તપાસ દરમ્યાન એન્કાઉન્ટરમાં તેમની કોઈ ભૂમિકા સામે આવી નથી. બીજી તરફ અમિત શાહના સંદર્ભમાં સીબીઆઈએ કહ્યું છે કે તેમનું નામ એફઆઈઆરમાં નથી ઉપરાંત ચાર્જશીટમાં પણ નથી. ૧લી સપ્ટેમ્બર ૧૩ના ડી.જી. વણઝારા દ્વારા રાજીનામુ આપતા પત્રમાં અમિત શાહના નામજોગ કોઈ ઉલ્લેખ કરવામાંઆવ્યો નથી. તેમણે કહ્યુંહતુંકે એન્કાઉન્ટરો નીતિનોભાગહતો.

## કંપની સમાચાર

### ગેટ ઈટ બજાર સમગ્ર ભારતમાં એસી, ફ્રિઝ, પંખા અને કુલરનું વેચાણ કરશે

નાના અને મધ્યમ ઉદ્યોગોને સમગ્ર ભારતમાં ખરીદદારોને તેમના ઉત્પાદનો વેચાણ કરવામાં મદદ કરતુ દેશનું અગ્રણી એસએમઈ બજાર ગેટ ઈટ બજારે બાઈંગ આઈક્યુ સાથે ભાગીદારી કરી એક નવી સેવા ઈઝીબાય રજૂ કરી છે.

ઈઝીબાયના પ્રયાસ દ્વારા સ્થાનિક ખરીદીની સુવિધા સાથે ઓનલાઈન કિંમત રજૂ કરવામાં આવશે. આ સુવિધામાં હોમ ડિલિવરી, વોરંટી, ઈન્સ્ટોલેશન અને સર્વશ્રેષ્ઠ ઓનલાઈન કિંમત સામેલ છે. આ સેવા હાલપુરતી ચાર શ્રેણીમાં રજૂ કરવામાં આવી છે, જેની ગરમીની સિઝનમાં સૌથી વધુ માંગ છે, જેમ કે ફ્રિઝ, પંખા, કૂલર અને એસી. ખરીદદાર ઘરબેઠાં તેમના મનગમતાં વેચાણકર્તાનું ઉત્પાદન સંપૂર્ણ શ્રેણીમાં મેળવી શકશે. ગેટ ઈટ બજાર આ સેવાનો પ્રચાર તેના વેબપોર્ટલ તથા તેની અખિલ ભારતીય કોલ સેન્ટર સેવા આસ્કમી ૦૪૪૪ ૪૪૪ ૪૪ ઉપર કરશે.

ગેટ ઈટ બજારના સીઈઓ શ્રી કિરણ મૂર્તિએ આ પહેલ કરતાં જણાવ્યું હતું કે, અમને આ નવું પોર્ટલ રજૂ કરવાની ખૂબ જ ખુશી છે, જેનાથી સ્થાનિક વિક્રેતાઓ સાથેના અમારા સંબંધ વધુ સુદૃઢ બનશે અને અમારૂ ડિઝિટલ પ્લેટફોર્મ તમામ વિક્રેતાઓને ઓનલાઈન વેચાણ કરવામાં મદદરૂપ થશે. આ સેવાથી ખરીદદાર અને વેચાણકર્તા બંનેને ફાયદો થશે. બાઈંગ આઈક્યુએ જુદા જુદા ડિઝિટલ પ્લેટફોર્મમાં વેચાણ કરવામાં નિપુણતા મેળવી છે. બાઈંગ આઈક્યુના સંસ્થાપક અને સીઈઓ પિયુષ તનેજાએ જણાવ્યું હતું કે બાઈંગ આઈક્યુની પ્રોપરાઈટરી ટેકનોલોજી તથા ગ્રાહકોના ડેટા સાથે અમને વિશ્વાસ છે કે ઈઝીબાયને ગેટ ઈટ બજારના વિક્રેતાઓ તેમના વિતરકોના સમગ્ર ભારતમાં ફેલાયેલા મજબૂત નેટવર્કનો લાભ મળશે. આ રીતે લોકોને ઓનલાઈન વેચાણ અને સ્થાનિક સેવાનો બેવડો લાભ મળશે જેની ભારતીય બજારને જરૂર છે.



અમદાવાદ-ગાંધીનગર ને જોડતા ઈન્દીરા બ્રીજ પર છેલ્લા ઘણા સમયથી સમારકામ અને રંગરોગાન ચાલી રહ્યું છે. હજુ થોડો સમય લાગશે. ત્યારબાદ બંને તરફ આવન-જાવન કરતા વાહનો ઝડપથી પસાર થઈ શકશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# અમદાવાદ સિવિલમાં ગુજરાત કેન્સર રિસર્ચ સાત માળનું બનશે

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલને આધુનિક બનાવવા મોટની કામગીરી યથાવતરીતે જારી રહી છે. હવે આ દિશામાં આગળ વધીને સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી ગુજરાત કેન્સર રિસર્ચ એન્ડ ઈન્સ્ટિટ્યુટ હવે સાત માળનું બનવા જઈ રહ્યું છે. હોસ્પિટલ બનાવવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. જીસીઆરઆઈના પીડિયાટ્રિક હોસ્પિટલમાં આ સાત માળની હોસ્પિટલ આકાર પામી રહી છે. લગભગ રૂપિયા ૧૨૦ કરોડના ખર્ચે બનનારી આ હોસ્પિટલ વિશ્વ કક્ષાની હશે તેવું જીસીઆરઆઈના કાર્યકારી નિર્દેશકે જણાવ્યું હતું.

સાત માળની આ હોસ્પિટલમાં બે અન્ડરગ્રાઉન્ડ અને ત્યારબાદ પાંચ માળ હશે. હાલમાં ત્યાંના પલંગોની સંખ્યા ૬૫૦ છે જેની સંખ્યા વધારીને ૧૦૦૦ જેટલી કરવામાં આવી છે. આગામી બે-ત્રણ વર્ષમાં આ હોસ્પિટલ તૈયાર કરવામાં આવશે જે સંપૂર્ણ આધુનિક હશે. હોસ્પિટલમાં દર વર્ષે કેન્સરના લગભગ ૧૯૦૦૦ કેસ દાખળ થાય છે. લેબોરેટરીમાં નવ લાખ જેટલા ટેસ્ટ કરવામાં આવે છે તેમજ ૧૨૦૦૦ દર્દીઓના ઓપરેશન પણ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ૧.૯૧ લાખ આઉટડોર દર્દી અને ૧૬૫૦૦થી વધુ ઈન્ડોર દર્દીઓ સારવાર કરાઈ રહ્યા છે. જો કે, પિડિયાટ્રિક વિભાગમાં દવે આ ઈમારતને કંઈક અલગ જ આકાર અપાઈ રહ્યો છે. જેમાં સંપૂર્ણ સુવિધાઓ હશે અને જગ્યાઓનો પણ અભાવ રહેશે નહીં. નવી હોસ્પિટલ બન્યા બાદ આખી હોસ્પિટલને આ નવી ઈમારતમાં શિફ્ટ કરવામાં આવશે અને બાકીની જે જગ્યા વધશે ત્યાં પણ ટાવર બનાવવાની યોજના છે. કેમ કે આ હોસ્પિટલમાં દૂર દૂરથી દર્દીઓ આવતા હોવા જગ્યાનો અભાવ રહે છે.

## શબ્દાવલી - ૫૩૮૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ૭ | ૮ | | ■ | ૯ | | | ■ |
| ૧૦ | | ■ | ૧૧ | | ■ | ■ | ૧૨ |
| ■ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | |
| ૧૬ | ■ | ■ | ■ | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | ૨૧ | | | | ■ | |
| ૨૨ | | | ■ | | ■ | ૨૩ | |

### આડી ચાવી

૧. સમુદ્ર, સાગર (૩)
૩. થોડું ઘણું કાપવું-ઘટાડવું તે (૪)
૬. રાડો પાડવી, બુમાબુમ(૪)
૭. પોપચું, આંખનું ઢાંકણ(૩)
૯. ગળણું, ગાળવું તે (૩)
૧૦. અને (૨)
૧૧. ત્રણ ફુટ જેટલું માપ (૨)
૧૩. વારંવાર રીસાઇ જાય તેવું (૩)
૧૪. છેતરવું તે (૩)
૧૮. પત્તા, ગંજીફાના પાના(૨)
૧૯. થીંગડાવાળુ (૬)
૨૨. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૨૩. મોટી ઝૂડી કે નાનો ભારો(૨)

### ઊભી ચાવી

૧. આકાશમાંથી ઉલ્કાઓ પડવી તે (૪)
૨. ધીરવું તે, પૈસા વ્યાજે આપવા (૩)
૩. જેલ (૪)
૪. પડદો, આડશ (૩)
૫. રસ્તો, કેડી (૨)
૮. સુવા માટેનો બિસ્તરો કે સામગ્રી (૩)
૧૧. કેશ, મોવાળા (૨)
૧૨. વિનાશ કરે તેવું (૫)
૧૫. વેલ એક નામ (૨)
૧૬. સ્વસ્તિક (૩)
૧૭. ગાંડો માણસ, માનસિક રીતે અસ્થિર વ્યક્તિ (૩)
૨૦. હાથી (૨)
૨૧. 'નાડ' શબ્દ ઊંધો (૨)

### શબ્દાવલી ૫૩૮૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઘડીયાળ (૪) કારેલા (૭) ડઝન (૮) ખીસકોલી (૯) પલ (૧૦) ચાંચ (૧૧) કયા (૧૨) બાપડી (૧૩) એવા (૧૬) હોપલેસ (૧૭) દાઝ (૧૯) ટકી (૨૦) નવાઇ (૨૨) નવાઇ (૨૨) લસરક્ટીપ (૨૩) રાજી
**ઊભી ચાવી :-** (૧) ઘડપણ (૨) ડીઝલ (૩) યાન (૪) કાસ (૫) રેકોકએ (૬) લાલીયાવાડી (૮) ખીચડી (૧૦) ચાપલાસ પટ્ટી (૧૪) તપકીર (૧૫) હોટલ (૧૬) હોટલ (૧૮) ઝવારા (૨૧) ઇજી

### ગરમીનો પ્રકોપ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાપમાન ૨૭ડિગ્રી સે. નોંધાયું હતું. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વહેલી સવારે મહત્તમ ૬૦.૨ ટકા હતું જે દિવસ દરમિયાન ઘટીને ૧૭ ટકા થયું હતું. ગરમીનો પારો નીચે આવતા નગરજનોને થોડી રાહત જણાઈ હતી. પરંતુ હજુ પણ બપોરના સમયે નગરના રાજમાર્ગો સુમસામ દેખાયા હતા. સુર્યદેવતા છેલ્લા કેટલાય દિવસથી આકરો મિજાજ દર્શાવી રહ્યા છે અને કાળઝાળ ગરમી વરસાવી રહ્યા છે જેનાથી નગરજનો ત્રાહિમામ પોકારી રહ્યા છે તેવામાં ગરમીમાં થયેલો આ નજીવો ઘટાડો નાગરિકોને માટે નગણ્ય પુરવાર થયો છે. ખાસ કરીને બપોરના સમયે કોઈ નગરવાસી કામ વગર ઘરની કે ઓફિસની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. શહેરની શાળાઓમાં પણ ઉનાળુ વેકેશન ચાલી રહ્યુંહોવાથી મોટા ભાગના બાળકો સવારે અથવા સાંજના ઠંડકના સમયે જ આઉટડોર ગેમ્સ રમવા બહાર નીકળે છે. બપોરના સમયે માતાપિતા બાળકોને કયાં તો આરામ કરવાનું ફરમાન કરી રહ્યા છે અથવા તો માત્ર ઘરની અંદર જ રમી શકાય તેવી રમતો રમવા છુટ આપે છે. શહેરમાં ગરમીના કારણે દિવસ દરમિયાન થઈ રહેલી ચહલપહલમાં ઘણો ઘટાડો નોંધાયો છે. એમાં પણ ચુંટણીનો માહોલ અહીં પતી ગયો હોવાથી શહેર જાણે ગરમીના કારણે આળસની લપેટમાં આવી ગયું હોય તેવું ભાસી રહ્યું છે. આવા સમયે જો ગરમીનો પારો વધુ નીચે આવે તો નગરજનોને રાહત મળી શકે.

### હત્યા કેસનું રહસ્ય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાવે પર શંકાને આધારે ગાંધીનગર પોલીસે એસ.ડી.એસ ટેસ્ટ કરાવ્યા હતા જેમાં પતિ વિવેક નો ટેસ્ટ પોઝીટીવ આવતા કોર્ટની પરવાનગી લઈને એફ.એસ.એલ માં તેનો લાઈ ડીટેકશન ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. તે પણ શંકાસ્પદ આવતા પોલીસ મૂંઝાઈ છે. હજુ સુધી આ હત્યા પરનું રહસ્ય અકબંધ રહ્યું છે. હવે જોવુ રહ્યું કે આ હાઈપ્રોફાઈલ હત્યા કેશનો ભેદ ઉકેલવામાં પોલીસને ક્યારે સફળતા મળે છે..!

### પાર્કિંગ પાસ અપાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ માટે વિધાનસભા સંકુલના પ્રવેશદ્વાર પર સલામતી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અને સ્ટીકર લગાડેલ વાહનોને જ પાર્કિંગમાં પ્રવેશ કરવા દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. હવેથી વિધાનસભાના બેઝમેન્ટમાં અન્ય લોકોને વાહનો પાર્ક કરવા દેવામાં આવશે નહિ.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો અગાઉ વિધાનસભાના બેઝમેન્ટના પોર્કીંગમાં ધારાસભ્યોને તેમના વાહનો પાર્ક કરવા માટે પાર્કીંગ બનાવવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ સલામતી વ્યવસ્થાના ભાગરૂપે આ પાર્કીંગ વાહનો પાર્ક કરવા માટે બંધ કરી દેવામાં આવ્યુંહતું. હાલમાં પણ વિધાનસભાનું સત્ર ચાલુ હોઈ ત્યારે સલામતીના કારણોસર આ પાર્કીંગમાં વાહનો પાર્ક કરવા દેવામાં આવતા નથી.

### બજેટની ચર્ચા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધારાસભ્યોમાંથી જ કોણ હશે એવા પણ સંકેત મળી રહ્યા છે.

દરમિયાનમાં નાણામંત્રી નીતિન પટેલે લોકસભાની આચારસંહિતાને પગલે વિધાનસભામાં રૂ. ૩૩,૪૦૧ કરોડનું લેખુદાન (વોટઓન એકાઉન્ટ) મંજૂર કરાવ્યું હતું. પરંતુ હવે ૩૧મી જુલાઈ, ૨૦૧૪ પહેલા ગુજરાત સરકારે ૧લી ઓગષ્ટ ૧૪ થી ૩૦ મી માર્ચ ૨૦૧૫ સુધીના ૮ માસ માટેનું બાકીનુ બજેટ ફરજિયાતપણે મંજૂર કરાવવું પડશે તેની તૈયારીઓ પણ સચિવાલયમાં ધમધોકારપણે ચાલી રહી છે.

આ બજેટમાં નવા કરવેરા નાંખવા કે નવી કર-રાહતો આપવી તેનો પડકારજનક નિર્ણય ગાંધીનગરમાં ૧૬મી મે પછી અસ્તિત્વમાં આવનારી નવી સરકારને લેવો પડશે.

હાલની સરકારમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને નાણામંત્રી નીતિન પટેલ છે પણ જો નવા મુખ્યમંત્રી પદે આનંદીબેન પટેલને બનાવાય તો નાણામંત્રી પદે નીતિન પટેલ હોઈ શકે છે. પણ જો નવા મુખ્યમંત્રી પદે નીતિન પટેલને પસંદ કરાય તો નાણામંત્રી તે પોતે રહે કે અન્ય કોઈને તક આપી શકે છે. આ ચિત્ર ૧૬મી મે પછી જ સ્પષ્ટ થશે. હવે બાકીના ૮ મહિના માટેના બજેટમાં આ તમામ બાબતોને સામેલ કરવાની હોવાથી નાણા વિભાગે તેની પૂર્વ તૈયારીઓ આરંભી દીધી છે.

વિવિધ વિભાગોને પણ તેમની નવી યોજનાઓ, ચાલુ યોજનાના ખર્ચની વિગતો તૈયાર કરવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે. તે મુજબ બજેટ તો તૈયાર કરાશે પણ નવી બાબતોનો સમાવેશ નવી સરકારના નવા નાણામંત્રી દ્વારા બજેટ રજૂ કરવાના છેલ્લા સપ્તાહ દરમિયાન કરાવાશે.

### ૧૦૦ દિવસની રૂપરેખા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એજન્ડામાં ઘણી નવી પ્રશાસનિક પધ્ધતિઓ પણ આગામી પાંચ વર્ષને ધ્યાનમાં રાખીને રજુ કરવાનો ભાજપનો હેતુ છે. હાલ તો આ ૧૦૦ દિવસીય એજન્ડાનું માળખું તૈયાર થઈ ગયું છે. હવે આ બ્લુ પ્રિન્ટ પર વિચાર વિમર્શ કરીને અને પ્રજાના સુચનો પણ મેળવીને તેમાં સુધારા વધારા કરી તેને અંતિમ ઓપ આપવામાં આવશે.

જો કે મોદીએ તાજેતરમાં આપેલ ઈન્ટરવ્યુમાં ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ પંચવર્ષીય કાર્યક્રમ પર કામ કરી રહ્યા છે અને નહીં કે ૧૦૦ દિવસના કોઈસરકારી એજન્ડા પર.

ભાજપે અગાઉ તેનો ચૂંટણી ઢંઢેરો રજુ કરવા સમયે જ મહત્વની કરમુકિત અને સમગ્ર કર માળખામાં જરુરી ફેરફારો કરવાના મુદ્દાઓ વિશે જાહેરાત કરવાનું નક્કી કર્યું હતું પણ છેલ્લી ઘડીએ આ જાહેરાતને ટાળી દેવામાં આવી હતી.

પક્ષના આંતરિક વિશ્લેષણમાં દર્શાવવામાં આવ્યું છે કે કરમુકિતને કારણે સરકારી તિજોરી પર ૩૫ હજાર કરોડ રૂપિયાનો વધારાનો બોજ ઝીંકાશે. ભાજપનું માનવું છે કે અમુક આર્થિક નીતિઓ દ્વારા આ બોજાને હળવું કરી શકાશે.

ચૂંટણીઓનું બારીકીથી નિરિક્ષણ કરી રહેલ ભાજપની ટીમે નોંધ્યું છે કે સરકારી તંત્રની નિંભરતા અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓને કારણે પ્રજામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. નિર્ણયશકિતના અભાવે ઘણા મહત્વના પ્રોજેકટસ અટકી પડયા છે માટે પક્ષને લાગે છે કે સમયબધ્ધ મજબુત અને નિર્ણાયક શાસન અને અધિકારીઓની હિસાબી જવાબદારી સુનિશ્ચિત કરવા પર ભાર મુકવો જરુરી છે.

**ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર**

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગરની કચેરી માટે પ્રીન્ટરની ટોનર રીફીલ / રીસાઈકલ, નવી ખરીદ કરવાની કામગીરી માટે ટેન્ડરથી સીલબંધ ભાવો મંગાવવામાં આવે છે.

ઉપરોક્ત કામગીરી માટે ટેન્ડર ફોર્મના રૂ. ૨૦૦/- રોકડમાં ભર્યેથી કમિશનની કચેરીના સમય દરમિયાન તા. ૧૭-૫-૨૦૧૪ સુધીમાં મળી શકશે.

ગુજરાત ગુજરાત ઈલોકોજી કમિશન
બ્લોક નં. ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
માહિતી/૪૪/૧૪-૧૫